©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 14th FEBRUARY, 2026/MAGHA 25, 1947 [No. 07

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળનો

આદેશ

નં. DBD/0557/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ અંતર્ગત મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના એકમ હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. જેથી આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. ચૂંટણી સબંધી કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ નહી. આથી ચૂંટણી યોજાનાર ગ્રામ પંચાયત વિસ્તારમાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગાલ લેવાનું ઉચિત જણાય છે.

આથી, હું, **રાજેશ એમ તન્ના, (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જે ગામોમાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયત વિસ્તારના આત્મરક્ષણના તથા પાકરક્ષણના તમામ પરવાનેદારો (નિશ્ચિત અપવાદ સિવાયના)એ તેમના હથિયાર પરવાના હેઠળનું હથિયાર દિવસ-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવી. પોલીસ સ્ટેશન તરફથી સુચના મળવાની રાહ જોયા વિના આ આદેશને સુચના ગણી હથિયારો જમા કરાવી દેવા હુકમ કરવામાં આવે છે.

: અપવાદો :

૧. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા તમામ મેજિસ્ટ્રેટશ્રીઓ, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના તમામ અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર (સરકારી કે અંગત) ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા પરવાનો ધરાવે છે તેમને અથવા ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

૨. બેંકના રક્ષણ માટે બેંકના મેનેજરશ્રીના હોદ્દાની રૂએ પરવાનો મંજુર કરાયેલ હોય તે પરવાના અન્વયેના હથિયારોને લાગુ પડશે નહી.

૩. માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટ લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિક્યુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં ફરજ બજાવતા હોવાનું સંબધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટાગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

૪. મોટા ઔદ્યોગીક એકમો, જાહેર સાહસો, બોર્ડ/નિગમની સલામતી માટે જે તે એકમના સંચાલક/જવાબદાર અધિકારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો.

૫. મોટા અને મહત્વના ધાર્મિક સ્થળોના મુખ્ય સંચાલક/મહંતશ્રી/પુજારીના નામે મંજુર કરાયેલ પરવાના અન્વયેના હથિયારો.

૬. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપેલ હોઈ તેઓને લાગુ પડશે નહી.

વધુમાં આથી આદેશ કરુ છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા પછી દિવસ-૭ માં સબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જશ્રીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સબંધિત પરવાનેદારની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ ચૂંટણી સબંધિત વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. ૨૮, મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

સંદર્ભ :

(૧) અત્રેની કચેરીના તા. ૦૭-૦૮-૨૦૨૧ના હુકમ નં. ડીએમ/મેજી/સભા-સરઘસ/૨૦૭/૨૦૨૧

હુકમ

નં. DBD/0551/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી સમયગાળા સિવાય સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો હાલમાં સબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીને આપવામાં આવેલ છે. આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ અંતર્ગત મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી યોજાનાર ગ્રામ પંચાયત વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. જેથી ઉકત ગ્રામ પંચાયતની ચૂંટણી દરમ્યાન દેવભૂમિ દ્વારકા જિલ્લા મતદાર વિભાગમાં ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં સરઘસ કાઢવા, સભા ભરવાની પરવાનગી આપવાના અધિકારો (ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવા સુધી) સભા સરઘસ નિયમો હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

ક્રમ	વિસ્તાર	અધિકારો આપેલ અધિકારીનો હોદો
૧.	ખંભાળીયા તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાળીયા
૨.	ભાણવડ તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ભાણવડ
૩.	કલ્યાણપુર તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, કલ્યાણપુર
૪.	દ્વારકા તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, દ્વારકા

સભા, સરઘસની પરવાનગી રાજયના ચૂંટણી આયોગની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ પરવાનગીની નકલ અત્રેને તથા સંબંધકર્તા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવાની રહેશે.

દેવભૂમિ-દ્વારકા, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

હુકમ

સંદર્ભ :

અત્રેની કચેરીના તા. ૦૭-૦૮-૨૦૨૧ ના હુકમ નં. ડીએમ/મેજી/સભા-સરઘસ/૨૦૭/૨૦૨૧

નં. DBD/0553/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી સિવાયના સમયગાળામાં જાહેર સ્થળો તથા જાહેર મનોરંજનની જગ્યામાં લાઉડ સ્પીકર વગાડવા માટે પરવાનગી આપવાના અધિકારો ઉકત સંદર્ભિત હુકમથી સંબંધિત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જશ્રીને આપવામાં આવેલ છે. આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ અંતર્ગત મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી યોજાનાર ગ્રામ પંચાયત વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. જેથી ઉકત ચૂંટણી દરમ્યાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના મતદાર વિભાગમાં ઉમેદવારો તરફથી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધિકારો ચૂંટણી પક્રિયા પૂર્ણ થવા સુધી લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

ક્રમ	વિસ્તાર	અધિકારો આપેલ અધિકારીનો હોદો
૧.	ખંભાળીયા તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાળીયા
૨.	ભાણવડ તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ભાણવડ
૩.	કલ્યાણપુર તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, કલ્યાણપુર
૪.	દ્વારકા તાલુકા વિસ્તાર	મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, દ્વારકા

લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી રાજય ચૂંટણીપંચની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ પરવાનગીની નકલ અત્રેને તથા સંબંધકર્તા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવાની રહેશે.

દેવભૂમિ-દ્વારકા, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૦૩-૧૧-૨૦૧૮ ના પત્ર ક્રમાંક : વિ.૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨.

(૨) નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ સબંધમાં તા. ૨૩-૧૦-૨૦૧૮, તા. ૩૦-૧૦-૨૦૧૮, તા. ૩૧-૧૦-૨૦૧૮ અને તા. ૨૯-૧૦-૨૦૨૧ ના હુકમથી આપેલ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ.

(૩) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૧૦-૧૦-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨

હુકમ

Letter No. DBD/0382/10/2025.-સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધા-(૩) ના પત્રથી તેમજ વંચાણે લીધા-(૧) ના પરિપત્રથી જણાવ્યા અનુસાર તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ દાખલ થયેલ અને તે સબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તા. ૨૩-૧૦-૨૦૧૮, તા. ૩૦-૧૦-૨૦૧૮, તા. ૩૧-૧૦-૨૦૧૮ અને તા. ૨૯-૧૦-૨૦૨૧ ના હુકમથી કેટલીક સ્પષ્ટ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ આપેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબાસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. આ હુકમોનું પાલન અત્રેના જિલ્લા ખાતે થાય તે અત્યંત જરૂરી છે. આ સૂચનાઓના અમલીકરણ માટે આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ લાગવાના, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું મને જરૂરી જણાય છે.

આથી હું, **રાજેશ એમ. તન્ના (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

: કૃત્યો :

૧. દિવાળીના તહેવારો કે અન્ય તહેવારો દરમિયાન રાત્રિના ૦૮-૦૦ કલાકથી ૧૦-૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. તેમજ ક્રિસમસ તથા નૂતન વર્ષના તહેવારમાં રાત્રે ૨૩-૫૫ કલાકથી ૦૦-૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

૨. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા (Joint Firecrackers, Series Crackers or Laris) પર નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે. સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Joint Firecrackers, Series Crackers or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

૩. ફટાકડા બનાવવા માટે બેરીયમનો ઉપયોગ પર નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ હોય, બેરીયમના ઉપયોગથી બનાવેલા ફટાકડા રાખી શકાશે નહી, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

૪. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. લાયસન્સ ધારક વેપારીઓએ સુપ્રિમ કોર્ટના તા. ૨૩-૧૦-૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

૫. હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર ''PESO ની સુચના પ્રમાણેનું'' માર્કિંગ હોવુ જરૂરી છે.

૬. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે. અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

૭. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.

૮. તમામ ઈ-કોમર્સ વેબસાઈટ અત્રેના જિલ્લામાં ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકશે નહી.

૯. લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાની બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી. પંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ કે અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામોની નજીકમાં ફટાકડા ફોડી શકાશે નહી.

૧૦. કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

૧૧. સ્થાનિક કક્ષાએ સિનેમાગૃહો, લોકલ કેબલ ઓપરેટરોએ આ પ્રકારની જાહેરાતો અચૂકપણે દર્શાવવાની રહેશે.

: અમલવારી નો સમય :

આ જાહેરનામું તા. ૧૪-૧૦-૨૦૨૫ થી તા. ૦૫-૧૧-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની વ્યકિતગત બજવણી કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધિ કરવા હું એવો પણ આદેશ કરૂ છું કે આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકો સહેલાઈથી જોઈ શકે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તેમજ લાઉડ સ્પીકર અને વર્તમાન પત્રો દ્વારા કરાવવા માટે પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી કાર્યવાહી કરાવવાની રહેશે તથા તે અંગેનું વ્યવસ્થિત રેકર્ડ તેમની કચેરીમાં રાખવાનું રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

રાજેશ એમ. તન્ના
જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. DBD/0228/07/2025.-Captain/Adjutant for Comminding officer, 27 Madras PIN 911 427, c/o 56 APO તરફથી તા. ૨૭-૦૫-૨૦૨૫ ના પત્ર નં. ૩૦૧/ARC/Gs (Trg) થી મળેલ દરખાસ્ત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી ફિલ્ડ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં જુલાઈ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫ ના માસ દરમ્યાન ફાયરીંગ પ્રેકટીસ કરવાની હોવાથી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી મુકામે આવેલ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં તા. ૦૭-૦૭-૨૦૨૫ ૦૦-૦૦ કલાક થી તા. ૦૪-૦૯-૨૦૨૫ ૨૪-૦૦ કલાક દરમ્યાન જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી લાવવું જરૂરી હોય ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે અને Captain/Adjutant for Comminding officer, 27 Madras PIN 911 427, c/o 56 APO એ ફાયરીંગ રેન્જની આસપાસ લાલઝંડી સાથે સુરક્ષાબળના કર્મચારીઓને ઉભા રખાવવા અને લોકોની અવર-જવર ઉપર નિયંત્રણ રખાવવું તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવાની રહેશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. ડીએમ/મેજી/જાહેરનામા/૯૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીના જા.નં. LIB/જાહેરનામા/૧૦૮૭/૧૦૮૮/૨૦૨૫, તા. ૦૯-૦૫-૨૦૨૫ થી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવજનક સ્થિતિ હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આજ રોજ તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધી અત્રેના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા તથા કોઈ પણ જાતના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકાય તે રીતનું જાહેરનામું પ્રસિધ્ધ કરાવવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદ વિસ્તારમાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા તથા કોઈ પણ જાતના ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભાતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૯ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. DBD/0556/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી માટેનુ મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના એકમ હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચૂંટણી સંબંધિત મતદાર વિભાગમાં મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન અસામાજીક તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તેમજ આદર્શ આચાર સંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. મતદાન માટે મુકરર થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પૂરેપૂરી શકયતા રહેલી છે. મતદાન કરવા જતા મતદારોને

કોઈ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેચવામાં ન આવે તે જોવુ જરૂરી છે. જેથી ઉમેદવારોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતુ નિવારવા કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે. તદઉપરાંત મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે તેમજ મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઉભો ન થાય તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન કે કોમ્યુનિકેશનના અન્ય વિજાણુ ઉપકરણો સાથે મતદાન મથક તેમજ તેની આસપાસના વિસ્તારમાં પ્રવેશ કરવા તેમજ ચૂંટણી તથા મતદાન સબંધી અન્ય કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું મને જરૂરી જણાય છે.

આથી હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જે ગામોમાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયત વિસ્તારમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના દિવસ માટે નીચે મુજબ અમલવારી કરવા/પાલન કરવા હુકમ કરું છું.

કૃત્યો :

(૧) મતદાન દિવસ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મુકરર થયેલ મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર વગેરે સંબંધી બુથ ઉભા કરી શકાશે નહી. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને મતદાર કાપલીના વિતરણ માટે ટેબલ અને ખુરશી રાખી શકશે.

(૨) મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહી. ચૂંટણી સબંધી પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહી તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહી. મતદાન કરવા જતાં મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહીં.

(૩) મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂધ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહી, દોરવી શકાશે નહીં કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહી.

(૪) મતદાનના દિવસે મંજુરીવાળા ચૂંટણી સબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

(૫) કોઈપણ વ્યકિત મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ પણ ઉપકરણો સાથે મતદાન દિવસ તા. ૨૨-૦૬-૨૦૨૫ ના સવારનાં ૦૭-૦૦ થી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી (મતદાનના સમગ્ર સમય દરમ્યાન) પ્રવેશ કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

અપવાદ :

આ આદેશના ખંડ-૫ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ પરના તમામ અધિકારી/કર્મચારીઓને તથા

(૨) ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ પરના તમામ પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલેટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ રોજ મારી સહી તથા સિકકા લગાવી આદેશ બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

હુકમ

નં. DBD/0668/05/2025.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. દેવભૂમિ દ્વારા જિલ્લામાં મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૪-૦૬-૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ હાથ ધનાર છે. ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચુંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે. જેના કારણે સાચી ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ

થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુકત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલનના હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યક્તિ, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચૂંટણી યોજાઈ રહી છે તેવા સમગ્ર વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધિત મતદાર વિભાગના સબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્કીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા મતદાર વિભાગના ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવા કે બસ/મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર, પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૧-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ મારી સહી તથા સિકકા લગાવી હુકમ બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

હુકમ

નં. DBD/0671/05/2025.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. દેવભૂમિ દ્વારા જિલ્લામાં મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૪-૦૬-૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ હાથ ધનાર છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રકિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી તે જરૂરી જણાતુ હોઈ તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક જણાતો હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ પગલા લેવા પુરતા કારણો છે.

આથી હું, **ભૂપેશ જોટાણીયા,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** આથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના જે ગામોમાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયત વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૨૨-૦૬-૨૦૨૫ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી.

સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હુ આદેશ કરૂં છુ કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૧-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ મારી સહી તથા સિકકા લગાવી હુકમ બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

હુકમ

નં. DBD/0667/05/2025.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. દેવભૂમિ દ્વારા જિલ્લામાં મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ યોજનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૪-૦૬-૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ હાથ ધરાનાર છે. ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો, મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવામાં આવે છે, જેના કારણે ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવર ક્રાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

આથી હું, **ભૂપેશ જોટાણીયા,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** આથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના જે ગામોમાં ચૂંટણી યોજાનાર છે તે ગ્રામ પંચાયત વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા દસ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર અને અન્ય ચાર તેમજ જરૂર જણાય તો પ્રથમ ઉમેદવાર સાથે ગયેલા ચાર દરખાસ્ત કરનારા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી બહાર નીકળી જાય ત્યારબાદ બાકીના ચાર અને ત્યારબાદ અન્ય બે દરખાસ્ત કરનારાઓ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશી શકશે. એટલે કે કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહીં.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જયારે તેઓનું ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સંબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યકિતને આ હુકમની નકલ પુરી પાડવી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૧-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ મારી સહી તથા સિકકા લગાવી હુકમ બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

Letter No. DBD/0496/05/2025.-પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીના જા.નં. LIB/જાહેરનામા/૧૨૧૧/૨૦૨૫, તા. ૨૬-૦૫-૨૦૨૫ થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અત્રેના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકાય તે રીતનું જાહેરનામું પ્રસિધ્ધ કરાવવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદ વિસ્તારમાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ

Remote Sensing, Mining, Law & Order, Internal Security, Defence ને આ પ્રતિબંધાત્મક આદેશોમાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૩૦-૦૫-૨૦૨૫ થી તા. ૨૮-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮ માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0450/05/2025.-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીએથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા તા. ૨૧-૦૫-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામાં/૧૧૮૩/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મને વ્યાજબી જણાતી હોય હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૩૦-૦૫-૨૦૨૫ થી તા. ૨૮-૦૭-૨૦૨૫ સુધી ૨૪-૦૦ કલાક અમલમાં રહે તેમ (બન્ને દિવસો સહિત ૬૦ દિવસ) કોઈએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહી અને ટોળામાં ફરકવું નહીં.

આ જાહેરનામાના મુદા નં. ૧ તથા ૨ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૨૭-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૭ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0455/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય

હોતી નથી તેમજ જુન માસથી દરીયો તોફાની થઈ જાય છે. માછીમારોને સામાન્ય રીતે જુન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતું તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવી સંભાવના છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાએ તા. ૨૩-૦૫-૨૦૨૫ ના પત્ર નં. SFO/0207/05/2025 થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે મને વ્યાજબી જણાય છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ તા. ૦૧-૦૬-૨૦૨૫ થી ૩૦-૦૭-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

અપવાદ :

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટ.

૩. અજાડ ટાપુ તથા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે અવર-જવર માટે સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ પેસેન્જર બોટો

૪. નોન મોટરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માચ્છીમારો

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૭-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૨૭ માહે મે, સને ૨૦૨૪.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાના કાયદાની કલમ-૧૬૩ હેઠળ

જાહેરનામું

Letter No. DBD/0663/05/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના શિવરાજપુર ગામે બ્લ્યુ ફલેગ બીચ કાર્યરત છે. આ બીચ ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ બીચમાં ન્હાવા/સ્વીમીંગ કરવા આવતા હોય છે. માહે-જુન માસથી ચોમાસાની ઋતુ શરૂ થતી હોય, ચોમાસાની ઋતુ દરમ્યાન દરિયો તોફાની હોય છે તેમજ દરિયામાં જોરદાર પ્રવાહના કારણે બીચમાં ન્હાવું/સ્વીમીંગ કરવું જોખમી હોવાથી સભ્ય સચિવશ્રી, બીએમસી અને પ્રાંત અધિકારીશ્રી, દ્વારકાએ તા. ૩૦-૦૫-૨૦૨૫ ના પત્ર નં. મેજી/વશી/૩૦૦૫/૨૦૨૫ ના પત્રથી ચોમાસાની ઋતુ દરમ્યાન શિવરાજપુર બીચ પર ન્હાવા/સ્વીમીંગ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વાજબી જણાય છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં આવેલ શિવરાજપુર બીચ (લાઈટ હાઉસ (સર્વે નં. ૫૮) થી શિવરાજપુર બીચના ખાડી-૨ પોઈન્ટના છેડા સુધી, ૫ કિલોમીટર સુધીની લંબાઈનો દરિયાકાંઠાનો વિસ્તાર) ખાતે આવતા તમામ પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકોને ન્હાવા/સ્વીમીંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામુ તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૨૮-૦૭-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા પ્રાંત અધિકારીશ્રી, દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0238/08/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વર્ષે તા. ૨૭-૦૮-૨૦૨૫ થી ગણેશ મહોત્સવ નિમિત્તે શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. શ્રી ગણેશજીની મૂર્તીઓની સ્થાપના બાદ ધાર્મિક રીતી રીવાજ મુજબ પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. શ્રી ગણેશજીની મુર્તીઓની બનાવટમાં કેમીકલયુકત રંગોનો ઉપયોગ થતો હોય છે. આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા જીવો તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. સદર તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તેમજશ્રી ગણેશજીની મુર્તિઓ બનાવવા પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) નો ઉપયોગ તેમજ કેમીકલયુકત રંગોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા તેમજ મુર્તિઓની ઉંચાઈ નકકી કરતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા નહીં.

(૧) શ્રી ગણેશજીની પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) તથા ફાયબરની મુર્તિ બનાવવી નહી, વેચવી નહી કે સ્થાપના કરવી નહી તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવું નહી.

(૨) પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે, ડેમ, તળાવ, નદી, કુવામાં મૂર્તિઓનું વિસર્જન થઈ શકશે નહી.

(૩) મૂર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા સરકારશ્રીના અદ્યતન સૂચનાઓ અને નામ. હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવેલ પધ્ધતિ સિવાયની કોઈપણ પધ્ધતિથી મૂર્તિ વિસર્જન થઈ શકશે નહી.

(૪) શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જન યાત્રા દરમ્યાન જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર તેમજ વાહનોમાં આવતા-જતા માણસો ઉપર કે મકાનો/મિલકત ઉપર કોઈ પણ પ્રકારના રંગો કે પાઉડરને પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રીત કરી ઉડાડવા/છાંટવા નહી.

(૫) પ્રતિમાઓની બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવા ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

(૬) મુર્તિકારોએ વધેલી તથા ખંડીત મૂર્તિઓ બિનવારસી હાલતમાં છોડી દેવી નહી.

(૭) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના રસાયણ કે કેમીકલ યુકત રંગોથી મુર્તિને કલર કરવો નહી.

(૮) મુર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી. તે અંગે સંબંધિત નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક અધિકારીએ તકેદારી રાખવી.

(૯) દેવભૂમિ દ્વારકા જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મુર્તિકાર/વેપારીઓને પણ ઉકત સૂચનાઓ લાગુ પડશે.

આ જાહેરનામાનો ભંગ કરીને કોઈ મુર્તિકાર કે વિક્રેતાઓ દ્વારા શ્રી ગણેશજીની મુર્તિઓની બનાવટમાં પી.ઓ.પી., ઝેરી અને ઉતરતી કક્ષાના સિન્થેટીક, રસાયણ કે કેમિકલ, ડાય યુકત રંગોનો ઉપયોગ કરેલી મુર્તિઓ ધ્યાનમાં આવશે તો તે સમયે કે વેચાણના સમયે જપ્ત કરવામાં આવશે.

અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪-ઈ, તા. ૨૬-૦૭-૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા. ૧૮-૦૮-૨૦૧૫ ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધ તા. ૨૭-૦૮-૨૦૨૫ થી તા. ૨૫-૦૯-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

ઉકત જણાવેલ જોગવાઈઓ સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. હાઈકોર્ટ તેમજ અન્ય ટ્રીબ્યુનલનીલ વખતો-વખતની સૂચના/માર્ગદર્શન મુજબ ફેરફારને આધીન તથા સબંધિતોને બંધનકર્તા રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરુ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૦૮ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળનુ

જાહેરનામુ

Letter No. DBD/0220/08/2025.-આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારોને ''નો પાર્કિંગ ઝોન'' તથા ''પાર્કિંગ ઝોન'' તરીકે જાહેર કરવા અંગેની દરખાસ્ત મળેલી છે. જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૧૨-૦૮-૨૦૨૫ થી તા. ૧૭-૦૮-૨૦૨૫ સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના વિસ્તારો કોઈપણ પ્રકારના વાહનો માટે ''નો પાર્કિંગ ઝોન'' તરીકે રહેશે અને પરિશિષ્ટ-'બ' મુજબના વિસ્તારો ''પાર્કિંગ ઝોન'' તરીકે ઉપયોગમાં લેવાના રહેશે.

પરિશિષ્ટ-અ

નો પાર્કિંગ ઝોન

ક્રમ	નો પાર્કિંગ મેઈન પોઈન્ટ	નો પાર્કિંગ વિસ્તાર	ત્રિજ્યા મીટરમાં
૧	પુર્વ દરવાજા	પુર્વ દરવાજા થી જોધાભા માણેક ચોક સુધી પુર્વ દરવાજા થી ભથાણ ચોક સુધી	૫૦
૨	જોધાભા માણેક ચોક	જોધાભા માણેક ચોક થી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી	૧૦૦
૩	ત્રણબતી ચોક	ત્રણબતી ચોક થી મહાજન બજાર ચાર રસ્તા ત્રણબતી ચોક થી ભદ્રકાળી રોડ સુધી	૫૦
૪	હોમગાર્ડઝ ચોક	હોમગાર્ડઝ ચોક થી ત્રણબતી ચોક હોમગાર્ડઝ ચોક થી શાક માર્કેટ ચોક સુધી	૫૦
૫	શાકમાર્કેટ ચોક	શાકમાર્કેટ ચોકની આજુ-બાજુનો વિસ્તાર	૫૦
૬	એસ. ટી. ડેપો	એસ. ટી. ડેપોના આજુબાજુના વિસ્તાર	૧૦૦
૭	કીર્તિસ્તંભ	કીર્તિસ્તંભના આજુબાજુના વિસ્તાર	૨૦૦
૮	સુદામા ચોક	સુદામા ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૯	ભથાણ ચોક	ભથાણ ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૧૦	મટુકી ચોક	મટુકી ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૧૧	ભદ્રકાલી ચોક	ભદ્રકાલી ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦

પરિશિષ્ટ-બ

પાર્કિંગ ઝોન

ક્રમ	પાર્કિંગ પોઈન્ટ	પાર્કિંગ વિસ્તાર	વાહનની વિગત
૧	હાથીગેટ પાર્કિંગ	હાથીગેટ પાર્કિંગ વ્યવસ્થા	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૨	સર્કીટ હાઉસ પાછળ	સર્કીટ હાઉસ પાછળનું ખુલ્લું મેદાન	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૩	શારદાપીઠ કોલેજ	શારદાપીઠ કોલેજનું ખુલ્લુ મેદાન એસ. ટી. રોડ	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૪	રાજપુત સમાજ સામે	રાજપુત સમાજ સામે ગોમતી ઘાટ ખુલ્લુ મેદાન	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૫	સ્વામિનારાયણ મંદિરનુ ગ્રાઉન્ડ	સ્વામીનારાયણ મંદિરના ગ્રાઉન્ડનું પાછળનું ગ્રાઉન્ડ	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૬	રાવળા તળાવ ગ્રાઉન્ડ	રાવળા તળાવ ગ્રાઉન્ડ ઈસ્કોન ગેટની બાજુમાં	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૭	અલખ હોટલની બાજુમાં	અલખ હોટલની બાજુમાં હાથીગેટની સામે	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં. આવા વાહનોને ફરજ પરના પોલીસ અધિકારીએ યોગ્ય જગ્યાએ પાર્કિંગ કરાવવાના રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૦૮ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0237/08/2025.-દ્વારકામાં દ્વારકાધિશ મંદિરે દર્શન કરવા દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. શ્રી દ્વારકાધિશ મંદિર, દ્વારકાની નજીકમાંથી વહેતી ગોમતી નદીમાં દર વર્ષે બહોળી સંખ્યામાં મહિલાઓ સહિત લાખો યાત્રિકો સ્નાન કરવા આવતા હોય છે. આ પવિત્ર નદીમાં અવાર-નવાર અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે માછીમારી કરવામાં આવતી હોવાની અને તેના લીધે દ્વારકા દર્શનાર્થે આવનાર યાત્રીકોની ધાર્મિક લાગણી દુભાતી હોવાની અને સ્નાન કરતી મહિલાઓ ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાવવાની શકયતાની કારણે મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાએ તા. ૧૦-૧૧-૨૦૨૩ ના પત્ર નં. SFO/0037/11/2023 ના પત્રથી ગોમતી નદીમાં થતી ગેરકાયદેસર માછીમારી પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીનો અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૦૨-૦૮-૨૦૨૫ ના જા.નં. LIB/ગોમતી ઘાટ/જાહેરનામું/૧૮૭૫/૨૫ અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, દ્વારકાએ તા. ૦૪-૦૮-૨૦૨૫ ના પત્ર નં. PODWR/0074/07/2025 થી ગોમતી નદી પર માછીમારી પ્રતિબંધિત કરવા જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જેથી મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાની દરખાસ્ત મને વાજબી જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં આવેલ શ્રી દ્વારકાધિશ મંદિરની નજીકમાંથી વહેતી ગોમતી નદી પર સંગમ નારાયણ મંદિરથી જુના ગોમતી ઘાટ તથા નવા ગોમતી ઘાટ, કિર્તીસ્તંભથી દ્વારકાધિશ મંદિર પાર્કિંગ સુધી તથા ગોમતી નદીની સામા કિનારે લક્ષ્મીનારાયણ પંચ નંદ તીર્થ (પંચકુઈ) મંદિરના નજીકના કિનારાથી ૧૦૦ મીટર ત્રિજયાથી લઈ ગોમતી નદીનો પ્રવાહ સમુદ્રમાં મળે ત્યાં સુધી ગોમતી નદીના બંને કિનારે તમામ પ્રકારની બોટ/હોળી તથા પગડીયા માછીમારો દ્વારા માછીમારી કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામુ તા. ૦૭-૦૮-૨૦૨૫ થી તા. ૨૬-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા ચિફ ઓફીસરશ્રી, દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૦૮ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0351/08/2025.-આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓમાં સરકારી એસ.ટી. બસ સિવાય ટ્રક તથા ખાનગી બસો/ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. આગામી દિવાળીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીકજામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૧૨-૦૮-૨૦૨૫ સવારના ૦૮-૦૦ કલાક થી તા. ૧૯-૦૮-૨૦૨૫ રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ પર સરકારી એસ.ટી. બસ સિવાય ટ્રક તથા ખાનગી બસો/ ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

ક્રમ	નો-એન્ટ્રી પોઈન્ટ	નો એન્ટ્રી વાહનની વિગત
૧	સુદર્શન સેતુના ઓખા તરફ આવેલ છેડેથી શ્રી દ્વારકાધીશ મંદીર બેટ સુધી	(ભારે વાહન ટ્રક તથા ખાનગી બસો)

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

પ્રવેશબંધ ભારે વાહન ટ્રક તથા ખાનગી બસોની પાર્કીંગની ઈલાયદી વ્યવસ્થા આસિસ્ટન્ટ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારકા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી દ્વારકા તેમજ ચીફ ઓફીસરશ્રી ઓખા નગરપાલિકાએ કરવાની રહેશે.

આ જાહેરનામાની પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૧-ઓગસ્ટ-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૧૧ માહે ઓગસ્ટ, સને ૨૦૨૪.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0129/08/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે, સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી તેમજ જુન માસથી દરીયો તોફાની થઈ જાય છે. માછીમારોને સામાન્ય રીતે જુન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતું તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવી સંભાવના છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, ઓખાએ તા. ૨૩-૦૫-૨૦૨૫ ના પત્ર નં. SFO/0207/05/2025 થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે મને વ્યાજબી જણાય છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ e-sign મુજબની તારીખથી તા. ૧૫-૦૮-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરિયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

અપવાદ :

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટ.

૩. અજાડ ટાપુ તથા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે અવર-જવર માટે સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ પેસેન્જર બોટો

૪. નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માચ્છીમારો

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૦૫ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧)(ખ)(ગ) હેઠળનુ

જાહેરનામુ

Letter No. DBD/0221/08/2025.-આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓને ''વન-વે'' તરીકે જાહેર કરવા દરખાસ્ત મળેલી છે. હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૧૨-૦૮-૨૦૨૫ થી તા. ૧૭-૦૮-૨૦૨૫ સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ કોઈપણ પ્રકારના વાહનો માટે ''વન-વે'' તરીકે ઉપયોગમાં લેવાના રહેશે.

પરિશિષ્ટ-અ

ક્રમ	વન-વે પોઈન્ટ	વન-વે ઝોન	તારીખ
૧	જોધાભા માણેક ચોક થી પુર્વ દરવાજા સુધી	જોધાભા માણેક ચોક થી પુર્વ દરવાજા સુધી (NO ENTRY) માત્ર EXIT	તા. ૧૨-૦૮-૨૦૨૫ ના સવારના ૦૬-૦૦ કલાકથી તા. ૧૭-૦૮-૨૦૨૫ ના રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી
૨	ભથાણ ચોક થી પુર્વ દરવાજા સુધી	ભથાણ ચોક થી પુર્વ દરવાજા સુધી પ્રવેશબંધી (NO ENTRY) માત્ર EXIT	તા. ૧૨-૦૮-૨૦૨૫ ના સવારના ૦૬-૦૦ કલાકથી તા. ૧૭-૦૮-૨૦૨૫ ના રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભુમિ દ્વારકા, ૦૮ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧)(ખ) હેઠળનુ

જાહેરનામુ

Letter No. DBD/0222/08/2025.-આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન શહેરમાં ટ્રાફીકની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓ માટે વાહન નો એન્ટ્રી અંગે પ્રતિબંધ મુકવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. આગામી જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૧૨-૦૮-૨૦૨૫ સવારના ૦૬-૦૦ કલાક થી તા. ૧૭-૦૮-૨૦૨૫ રાત્રીના ૨૨-૦૦ કલાક સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ પર ટુ વ્હીલ/થ્રી વ્હીલ/કાર/ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

ક્રમ	નો-એન્ટ્રી પોઈન્ટ	નો-એન્ટ્રી વાહનની વિગત
૧	હાથીગેટથી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૨	કાનદાસબાપુ આશ્રમથી ભથાણ ચોક-કિર્તીસ્તંભ-દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૩	ધીંગેશ્વર મંદીરની સામેની ગલી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ)
૪	ઈસ્કોનગેટથી-ભથાણ ચોક-જોધાભા માણેક ચોક-દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર)
૫	પોસ્ટ ઓફીસ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૬	રબારી ગેટ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૭	હોસ્પીટલ ચાર રસ્તાથી મટુકી ચોક-ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૮	સર્કિટ હાઉસ ચાર રસ્તાથી મટુકી ચોક-ભદ્રકાલી ચોક તરફ તથા પ્રિતમ વ્યાયમ તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)

ક્રમ	નો-એન્ટ્રી પોઈન્ટ	નો-એન્ટ્રી વાહનની વિગત
૯	શાકમાર્કેટ ચોકથી મહાજન બજાર/નિલકંઠ ચોક/શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ)
૧૦	મહાજન બજાર થી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૧	બ્રહ્મ કુંડથી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૨	જોધાભા માણેક ચોકથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૩	ભથાણ ચોકથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૪	કિર્તીસ્તંભ સર્કલથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

આ જાહેરનામાની પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૦૭ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. DBD/0408/09/2025.-Captain/Adjutant for Comminding officer, 27 Madras PIN 911 427, c/o 56 APO તરફથી તા. ૦૭-૦૯-૨૦૨૫ ના પત્ર નં. ૩૦૧/ARC/Gs (Trg) થી મળેલ દરખાસ્ત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી ફિલ્ડ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં સપ્ટેમ્બર-૨૦૨૫ થી નવેમ્બર-૨૦૨૫ ના માસ દરમ્યાન ફાયરીંગ પ્રેકટીસ કરવાની હોવાથી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી મુકામે આવેલ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં તા. ૧૭-૦૯-૨૦૨૫ ૦૦-૦૦ કલાક થી તા. ૧૧-૧૧-૨૦૨૫ ૨૪-૦૦ કલાક દરમ્યાન જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી લાવવું જરૂરી હોય ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે અને Captain/Adjutant for Comminding officer, 27 Madras PIN 911 427, c/o 56 APO એ ફાયરીંગ રેન્જની આસપાસ લાલઝંડી સાથે સુરક્ષાબળના કર્મચારીઓને ઉભા રખાવવા અને લોકોની અવર-જવર ઉપર નિયંત્રણ રખાવવું તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવાની રહેશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભૂમિ દ્વારકા, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0899/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓ માંથી માત્ર ૨(બે) ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જ્યારે ૨૨(બાવીસ) ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે અત્રેના તા. ૧૯-૧૨-૧૬ના નં. ડીએમ/મેજી/ટાપુ/૧૧૨/૧૬ના

સુધારા જાહેરનામાંમાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની લેખિત પરવાનગી લેવામાંથી મુકિત આપવામાં આવેલ છે. કેટલાક નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે વિવિધ જ્ઞાતિના શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જુથો/સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાનો તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડ ભાડવાડા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ કરવી, હિંસા અને ત્રાસ ફેલાવવાની શકયતાને ધ્યાને લઈ જનસલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેના માટે તકેદારીના પગલા લેવાં જરૂરી જણાય છે. ત્રાસવાદ અને હિંસા દ્વારા લોકોમાં ભય અને આતંક ફેલાવવો તથા દેશનાં મહત્વનાં લશ્કરી, અર્ધ લશ્કરી, ઔદ્યોગીક, ધાર્મિક ઠેકાણા ઉપર હુમલા કરવા તથા રાષ્ટ્રવિરોધી, દાણચોરી તેમજ જાહેર સલામતીને જોખમમાં મૂકે તેવી ગેરકાયદેસર અને અસામાજીક પ્રવૃતિની સંભાવના નિવારવા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલા ૨૧(એકવીસ) ટાપુઓ પર સક્ષમ અધિકારીની લેખિત પૂર્વ પરવાનગી સિવાય પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મૂકવાનું મને ઊચિત જણાય છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ સાથેના પરિશિષ્ટ મુજબના ૨૧(એકવીસ) ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટની લેખિત પૂર્વમંજુરી વિના પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાંનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની બહોળી જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તા. રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પરિશિષ્ટ

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ટાપુ

અ. નં.	ટાપુનું નામ	પોલીસ સ્ટેશનનું નામ	માનવ વસતી છે કે કેમ	મોબાઈલ ટાવર પકડે છે કે કેમ?	ક્ષેત્રફળ	મહેસુલી હકુમત
૧	ધાની ઉર્ફે ડની ટાપુ	સલાયા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૫૦૦ હેકટર	ખંભાળીયા
૨	ગાંધીયોકડો ટાપુ	સલાયા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૨૫૦ હેકટર	ખંભાળીયા
૩	કાલુભાર ટાપુ	સલાયા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૩૫૦૦ હેકટર	ખંભાળીયા
૪	રોઝી ટાપુ	સલાયા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૩૦૦ હેકટર	ખંભાળીયા
૫	પાનેરો ટાપુ	સલાયા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૪૫૦ હેકટર	ખંભાળીયા
૬	ગડુ (ગારૂ) ટાપુ	કલ્યાણપુરપોલીસ સ્ટેશન	ના	હા	૧૨૦ હેકટર	કલ્યાણપુર
૭	સાનબેલી (શિયાળી) ટાપુ	કલ્યાણપુર પોલીસ સ્ટેશન	ના	હા	૧૦૦ હેકટર	કલ્યાણપુર
૮	ખીમરોઘાટ ટાપુ	કલ્યાણપુર પોલીસ સ્ટેશન	ના	હા	૩૦ હેકટર	કલ્યાણપુર
૯	આશાબાપીર ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૭૦૦ ચો.મી.	દ્વારકા
૧૦	ભૈદર ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૨૫૦૦ હેકટર	દ્વારકા
૧૧	ચાંક ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૧૦૦ હેકટર	દ્વારકા
૧૨	ધબધબો (દબદબો) ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૮૦ હેકટર	દ્વારકા
૧૩	દીવડી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૮૦ હેકટર	દ્વારકા
૧૪	સામીયાણી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૧૦૦ હેકટર	દ્વારકા
૧૫	નોરૂ ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	ના	૨૦ હેકટર	દ્વારકા
૧૬	માન મરૂડી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૭૦ હેકટર	દ્વારકા

અ. નં.	ટાપુનું નામ	પોલીસ સ્ટેશનનું નામ	માનવ વસતી છે કે કેમ	મોબાઈલ ટાવર પકડે છે કે કેમ?	ક્ષેત્રફળ	મહેસુલી હકુમત
૧૭	લેફા મરૂડી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૨૫૦ હેકટર	દ્વારકા
૧૮	લંઘા મરૂડી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૩૦ હેકટર	દ્વારકા
૧૯	કોઠાનું જંગલ ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૩૦ હેકટર	દ્વારકા
૨૦	ખારા-મીઠા ચુણ્ણા ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૧૦૦૦ ચો.મી.	દ્વારકા
૨૧	કુડચલી ટાપુ	ઓખા મરીન પોલીસ સ્ટેશન	ના	હા	૧૦ હેકટર	દ્વારકા

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0903/09/2025.-દ્વારકામાં દ્વારકાધિશ મંદિરે દર્શન કરવા દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. શ્રી દ્વારકાધિશ મંદિર, દ્વારકાની નજીકમાંથી વહેતી ગોમતી નદીમાં દર વર્ષે બહોળી સંખ્યામાં મહિલાઓ સહિત લાખો યાત્રિકો સ્નાન કરવા આવતા હોય છે. આ પવિત્ર નદીમાં અવાર-નવાર અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે માછીમારી કરવામાં આવતી હોવાની અને તેના લીધે દ્વારકા દર્શનાર્થે આવનાર યાત્રીકોની ધાર્મિક લાગણી દુભાતી હોવાની અને સ્નાન કરતી મહિલાઓ ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાવવાની શકયતાની કારણે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૨૩-૦૯-૨૦૨૫ ના જા.નં. LIB/જાહેરનામું/૨૩૯૧/૨૫ ના પત્રથી ગોમતી નદીમાં થતી ગેરકાયદેસર માછીમારી પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે મને વાજબી જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં આવેલ શ્રી દ્વારકાધિશ મંદિરની નજીકમાંથી વહેતી ગોમતી નદી પર સંગમ નારાયણ મંદિરથી જુના ગોમતી ઘાટ તથા નવા ગોમતી ઘાટ, કિર્તીસ્તંભથી દ્વારકાધિશ મંદિર પાર્કિંગ સુધી તથા ગોમતી નદીની સામા કિનારે લક્ષ્મીનારાયણ પંચ નંદ તીર્થ (પંચકુઈ) મંદિરના નજીકના કિનારાથી ૧૦૦ મીટર ત્રિજયાથી લઈ ગોમતી નદીનો પ્રવાહ સમુદ્રમાં મળે ત્યાં સુધી ગોમતી નદીના બંને કિનારે તમામ પ્રકારની બોટ/હોળી તથા પગડીયા માછીમારો દ્વારા માછીમારી કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામુ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા ચિફ ઓફીસરશ્રી, દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

Letter No. DBD/0901/09/2025.-પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીના જા.નં. LIB/જાહેરનામા/૨૩૯૧/૨૦૨૫, તા. ૨૩-૦૯-૨૦૨૫ થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અત્રેના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકાય તે રીતનું જાહેરનામું પ્રસિધ્ધ કરાવવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદ વિસ્તારમાં કોઈ પણ જાતના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ

Remote Sensing, Mining, Law & Order, Internal Security, Defence ને આ પ્રતિબંધાત્મક આદેશોમાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0889/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિસંવેદનશીલ જિલ્લો છે. પ્રવર્તમાન સંજોગો અંગે ગુપ્ત સંસ્થાઓના વખતો-વખતના અહેવાલ અનુસાર રાષ્ટ્ર વિરોધી આતંકવાદી પ્રવૃતિ કરતા નાપાક તત્વો બહારથી આવી અત્રેના જિલ્લામાં રોકાણ કરી આતંકવાદી પ્રવૃતિ કરી શકે છે. અત્રેના જિલ્લામાં આવેલ શ્રી દ્વારકાધીશ જગત મંદીર, નયારા એનર્જી, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન રીફાઈનરી, તાતા કેમીકલ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો ઉપર આતંકવાદી હુમલાની શકયતા રહેલ છે. આથી આવા આતંકવાદી કૃત્યોને અટકાવવા માટે હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સિકયોર વેબ પોર્ટલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) ગુજરાત પોલીસ દ્વારા બનાવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફટવેર કોઈ પણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂરી નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે. જેના અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામા/૨૩૯૧/૨૦૨૫, તા. ૨૩-૦૯-૨૦૨૫ થી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ''પથિક'' સોફટવેરની અમલવારી કરાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પથિક સોફટવેરથી એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી, ટેકનોલોજીની મદદથી સમયમર્યાદામાં કોઈપણ ગુન્હો બનતો અટકાવી શકાય અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપૂર્ણ કડી સાબિત થઈ શકે છે.

સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આંતકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી મહિતી ઉપલબ્ધ થઈ શકશે.

તદ્ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાઈ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય તથા શ્રી દ્વારકાધીશ જગત મંદિર આવેલ હોય તથા મોટી કંપનીઓ કાર્યરત હોવાથી આંતરરાષ્ટ્રીય પથિકોની અવર-જવર રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટ બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

આથી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેર સુલેહ-શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે તેવા હેતુસર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) દિવસ-૬૦ સુધી નીચે મુજબની બાબતોનો ચૂસ્ત અમલ કરવા ફરમાવું છું.

(એ) દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટલો અને ગેસ્ટહાઉસ ખાથે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) સોફ્ટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસના માલીક/સંચાલકે અવશ્ય કરવી.

(બી) જાહેરનામું પ્રસિધ્ધ થયેથી સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસના સંચાલક/માલીકોએ હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડ-પાસવર્ડ દિન-૧૫ માં મેળવી લેવાના રહેશે.

(સી) દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટેલ/ગેસ્ટહાઉસના માલીકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે પોતાના રીસેપ્સન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel information) સોફ્ટવેર ઈન્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી ''પથિક'' સોફ્ટવેરમાં પણ કરાવની રહેશે.

(ડી) પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા હોટલ/ગેસ્ટહાઉસ સંચાલકો/માલીકોને ''પથિક'' સોફ્ટવેર અંગેની જાણ તથા સમજ આપવાની રહેશે.

આ જાહેરનામું દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરાવવાનું રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0896/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિસંવેદનશીલ જિલ્લો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નયારા એનર્જી, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન ફેકટરી, તાતા કેમીકલ્સ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો આવેલ હોવાથી, રાજગારીની અનેક તકો ઉભી થયેલ હોય સમગ્ર દેશમાંથી લોકો રોજગારી અર્થે અત્રેના જિલ્લામાં આવે છે. આ લોકો તેમજ સ્થાનિક લોકો દ્વારા તેઓની જરૂરીયાત મુજબ મોબાઈલ વિક્રેતા પાસેથી મોબાઈલ ખરીદ/વેચાણ કરે છે. આવા મોબાઈલ લે-વેચ અંગેનું રેકર્ડ મોબાઈલ વિક્રેતા પાસે હોવું જરૂરી છે. રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગનું પ્રમાણ વધતું જાય છે તેમજ મોબાઈલ ફોન ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં જે તે સમયે વપરાયેલ મોબાઈલનું રેકર્ડ સરળતાથી મળી રહે તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૨૩-૦૯-૨૦૨૫ ના પત્ર નં. LIB/જાહેરનામું/૨૩૯૧/૨૦૨૫ થી મોબાઈલ ફોન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુના કે નવા મોબાઈલ લે-વેંચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામું નોંધવા નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવાના રહેશે.

નવા મોબાઈલ ફોન વેચાણ વખતે નિભાવવાનું રજીસ્ટર										
અ. નં.	તારીખ	મોબાઈલ કંપની	મોબાઈલ ફોનનું મોડલ	મોબાઈલ ફોન IMEI (01)	મોબાઈલ ફોન IMEI (02)	મોબાઈલ ખરીદનારનું નામ	સરનામુ	આધાર નંબર	મોબાઈલ નંબર	અન્ય વિગત
1	2	3	4	5	6	7	8	9	10	11

જુના મોબાઈલ ફોન ખરીદ તથા વેચાણ વખતે નિભાવવાનું રજીસ્ટર														
અ. નં.	તારીખ	મોબાઈલ કંપની	મોબાઈલ ફોનનું મોડલ	મોબાઈલ ફોન IMEI (01)	મોબાઈલ ફોન IMEI (02)	મોબાઈલ વેચનારનું નામ	સરનામું	આધાર નંબર	મોબાઈલ નંબર	મોબાઈલ ખરીદનારનું નામ	સરનામું	આધાર નંબર	મોબાઈલ નંબર	અન્ય વિગત
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15

(૧) ઉપરોકત કોલમ મુજબના રજીસ્ટરો બનાવી મોબાઈલ દુકાનદાર/સંચાલકએ નજીકના પોલીસ સ્ટેશનમાં પેઈઝ નંબરો ઉપર સ્ટેમ્પિંગ (સિકકા એકુન) કરાવવાનું રહેશે.

(૨) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ચોકસાઈ પુર્વક તપાસણી કરવાની રહેશે તેમજ નિયત કરવામાં આવેલ કોલમ મુજબ વ્યવસ્થિત રજીસ્ટરો નિભાવવાના રહેશે તેમજ જરૂર પડયે પોલીસ અધિકારી સમક્ષ ઉપરોકત રજીસ્ટરો રજુ કરવાના રહેશે.

(૩) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ગુપ્તતા જાળવવાની જવાબદારી મોબાઈલ દુકાનદાર/સંચાલકની રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0890/01/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નયારા ઓઈલ, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન ફકટરી, તાતા કેમીકલ્સ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો આવેલ હોવાથી, રોજગારીની અનેક તકો ઉભી થયેલ હોય સમગ્ર દેશમાંથી લોકો રોજગારી અર્થે અત્રેના જિલ્લામાં આવે છે તે પૈકી અમુક લોકો દ્વારા બોગસ દસ્તાવેજ રજૂ કરી સીમ કાર્ડની ખરીદી, આ સીમકાર્ડનો દુરુપયોગ કરવાની સંભાવના રહે છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : વી-૧/ખસવ/૧૦૨૦૧૧/૧૩૮૩૧, તા. ૨૮-૦૨-૨૦૧૨ તેમજ અધિક મહાનિર્દેશકશ્રી, ઈન્ટેલીજન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ટેલીફોન/૧૭૦/૨૦૧૨, તા. ૦૩-૦૪-૨૦૧૨ની વિગતે (૧) બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માનય પુરાવાની તેમજ ખરીદનાર વ્યકિતની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે પણ મળે છે. (૨) સ્થાનિક STD/PCO ઉપરથી બનાવટી કોલ (FAKE CALL) દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધી રહેલ છે. જેથી પોલીસની કામગીરી વધવા પામેલ છે. આ હકિકત ધ્યાને લઈ પોલીસ અધિક્ષકશ્રીએ દેવભૂમિ દ્વારકાએ જિલ્લામાં ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલ વિક્રેતા દ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચતી વખતે ખરીદનાર વ્યકિતનું નામ, સરનામું, ફોટો ઓળખકાર્ડ વિગેરે દસ્તાવેજો ચકાસવા અને ગેરકાયદે જણાયે તેઓની વિરૂધ્ધ પગલા લેવા તથા તમામ STD/PCO ધારકોએ કોલર (ફોન કરનાર) ની ઓળખ ચકાસવા તેમજ તેના નામ, સરનામા, કોલ ડીટેઈલની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જરૂરી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. ઉપરની વિગતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના મોબાઈલ ફોનના સીમકાર્ડના તમામ વિક્રેતાઓએ સીમકાર્ડના વેચાણ સમયે ખરીદનાર વ્યકિતનું નામ, સરનામુ, ફોટો ઓળખકાર્ડની નકલ, રહેઠાણના પુરાવાઓની નકલ તથા ખરીદનારનો કલર ફોટાની બરાબર ચકાસણી કરવાની રહેશે તથા ફોર્મમાં સુવાચ્ય અક્ષરે તેનું પુરૂ નામ લખવાનું રહેશે. ત્યારબાદ જ સીમકાર્ડ વેંચાણ કરી શકાશે અને સીમકાર્ડની ખરીદી કરનાર વ્યકિતની ફોટો, ઓળખ તથા રહેણાંકની વિગતો જળવાઈ રહે તે માટેનું નીચે જણાવેલ વિગતેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ DOTC (ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ)ની નવા સીમકાર્ડ આપવા સંબધિત સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. જે અંતર્ગત મોબાઈલ ઓપરેટરો/ સીમકાર્ડ વિક્રેતાઓએ ગ્રાહકોએ રજૂ કરેલ આધારો, ફોટોગ્રાફસનું ટેલીફોનીક વેરીફીકેશનની સાથે સાથે (C.A.F.) કસ્ટમર એકિવઝિશન ફોર્મમાં સ્થળ ખરાઈ તેમજ સહી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવેટ કરવાનું રહેશે.

અ. નં.	તારીખ	સર્વિસ પ્રોવાઈડરનુ નામ	ઈસ્યુ કરવામાં આવેલ મોબાઈલ નંબર	મોબાઈલ નંબર ધારકનું નામ	સરનામુ	આધાર નંબર (KYC નંબર)	KYC પ્રકાર	મોબાઈલ નંબર ઈસ્યુ રેટ	અલ્ટરનેટ મોબાઈલ નંબર	POS નામ	POS મોબાઈલ નંબર	શોપનું નામ	વિગત
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14

(૨) ટેલીફોનબુથ ધારકોએ ફોન કરનારની ઓળખની ચકાસણી કરી ત્યારબાદ ફોન કરનારને ફોન કરવા દેવો તથા ફોન નંબરની માહિતી તેમજ ફોન કરનાર વ્યકિતના નામ, સરનામાની માહિતી જળવાઈ રહે તે રીતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૩) ઉપરોકત બાબતે નિભાવેલ રેકર્ડ (રજીસ્ટર) સુરક્ષીત રીતે એક વર્ષની મુદત સુધી જાળવી રાખવાનું રહેશે.

(૪) ઉપરોકત કોલમ મુજબના રજીસ્ટરો બનાવી મોબાઈલ દુકાનદાર/સંચાલકે નજીકના પોલીસ સ્ટેશનમાં પેઈઝ નંબરો ઉપર સ્ટેમ્પિંગ (સિકકા એકુન) કરાવવાનું રહેશે.

(૫) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ચોકસાઈ પુર્વક તપાસણી કરવાની રહેશે તેમજ નિયત કરવામાં આવેલ કોલમ મુજબ વ્યવસ્થિત રજીસ્ટરો નિભાવવાના રહેશે તેમજ જરૂર પડયે પોલીસ અધિકારી સમક્ષ ઉપરોકત રજીસ્ટરો રજુ કરવાના રહેશે.

(૬) ગ્રાહક દ્વારા આપવામાં આવતી માહિતીની ગુપ્તતા જાળવવાની જવાબદારી મોબાઈલ દુકાનદાર/સંચાલકની રહેશે.

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂ છું કે, પોલીસ અધક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા સ્થાનીકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0888/09/2025.-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીએથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા તા. ૨૩-૦૯-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામાં/૨૩૯૧/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મને વ્યાજબી જણાતી હોય હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ સુધી ૨૪-૦૦ કલાક અમલમાં રહે તેમ (બન્ને દિવસો સહિત ૬૦ દિવસ) કોઈએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહી અને ટોળામાં ફરકવું નહીં.

આ જાહેરનામાના મુદા નં. ૧ તથા ૨ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0894/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિસંવેદનશીલ જિલ્લો છે. હાલના પ્રવર્તમાન સંજોગો અને ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલ અનુસાર આતંકવાદી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃતિ કરતા તત્વો બહારથી આવે ત્યારે તેઓની ગેરકાયદેસર પ્રવૃતિને અંજામ આપવા માટે વાહનોનો ઉપયોગ કરે છે. હાઈ-વે ઉપરની હોટલોમાં રોકાણ કરે છે. તેમજ જિલ્લામાં અવારનવાર બનતી ઘરફોડ ચોરીઓ, મંદીર ચોરી, વાહન ચોરી, ખુન, લૂંટ અને ધાડ જેવી ગુન્હાહિત પ્રવૃતિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે, અને તેમની મિલ્કતને હાની પહોંચે છે. આ કારણે નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે. આ પ્રકારના ગુન્હા કરતા ઈસમો ગુન્હા કરતા ઈસમો ગુન્હો કરવામાં વાહનોનો ઉપયોગ કરે છે. આ પ્રકારના ગુના કરતા ઈસમો ગુનો કર્યા બાદ જે તે સ્થળેથી ૫૦-૬૦ કિ.મી. દુર જઈને હાઈ-વે ઉપરના કે જિલ્લાના મુખ્ય રોડ ઉપર આવેલ પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ/ડીઝલ ભરાવે છે. હાઈ-વેની હોટલ ઉપર ચા-પાણી પીતા હોય છે કે જમતા તેમજ આરામ કરવા રોકાતા હોય છે. આવા વાહનો ટોલ પ્લાઝા ઉપરથી પસાર થતા હોય છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજરાત રાજ્યના પડોશી રાજ્યો સાથે બોર્ડર ધરાવતા જિલ્લાઓમાંથી આવીને ગુન્હેગારો વાહનોની અનેક ચોરીઓ, લૂંટ, ધાડ જેવા ગંભીર ગુન્હાઓ કરે છે. ગંભીર ગુન્હાઓ પૈકી કેટલાક ગુન્હાઓ અનડીટેકટ રહે છે. આવા ગુન્હાઓમાં ગુનેગારોની ઓળખ મળી જાય તો અનડીટેકટ ગુન્હાઓમાં ગુનેગારોને ઝડપથી શોધી શકાય. ગુન્હાઓ ડીટેકટ થાય તો ગુનેગારો વધુ ગુન્હા કરતા અટકે અને તે રીતે નાગરીકોના જાન-માલ બચી શકે છે. લોકોના જાન-માલની રક્ષા કરવી તે તંત્રની ફરજ છે.

ગુનેગારોની ઓળખ સહેલાઈથી થઈ શકે તેમજ ગુન્હાઓનો ગંભીર પ્રકાર, ગુન્હાઓનું વધેલુ પ્રમાણ તથા અનડીટેકટ રહેતા ગુન્હાઓનું પ્રમાણ ધ્યાને લેતા સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવવામાં આવે તે માટે તત્કાળ ઉપાય કરવાનું હિતાવહ જણાય છે. સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ મહત્વના સ્થળોએ (પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. સેન્ટરો, ખાનગી ફાયનાન્સરો, શ્રોફ, આંગડીયા પેઢીઓ, સોના ચાંદીના શોરૂમ, હોટલો, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટો, શોપીંગ મોલ, થિયેટર વિ.) નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનવાળા તેમજ ૧૫-દિવસના રેકોર્ડીંગની ક્ષમતા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા મુકવા અંગેનું જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી અત્રેને દરખાસ્ત મળેલ છે. જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ જાહેરહીતમાં જાહેરનામુ બહાર પાડવુ ઉચિત જણાયેલ છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા શહેર અને દ્વારકા શહેર વિસ્તારમાં તથા જિલ્લાના તમામ રાજ્ય ધોરી માર્ગ ઉપર આવેલ પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, તમામ બેંકો, એ.ટી.એમ. સેન્ટરો, માન્યતા ધરાવતા ખાનગી ફાયનાન્સરો, શ્રોફ, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાતના શો-રૂમ, લાયસન્સવાળી હોટલો, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ તથા શોપીંગ મોલ, થિયેટર જેવા તમામ સ્થળોએ નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનવાળા રેકોર્ડીંગ સીસ્ટમ તથા ૧૫-દિવસના રેકોર્ડીંગ ક્ષમતા ધરાવતા સી.સી.ટી.વી કેમેરાઓ મુકવા આથી હુકમ કરવામાં આવે છે. આ અંગે નીચેની વિગતે સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(અ) ઉપરોક્ત જણાવેલ તમામ એકમોએ અગાઉના આવા જ પ્રકારના જાહેરનામા અન્વયે સી.સી.ટી.વી. કેમેરા મુકેલા હોય તે ચાલુ હાલતમાં રહે તે જોવાનું રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો/વ્યવસાય શરૂ કરવાનો રહેશે.

(બ) ઉપરોક્ત સ્થળોએ જયાં લોકો/વાહનોનો પ્રવેશ હોય ત્યાં તેમજ અંદરના ભાગે તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સારી ગુણવતાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) સી.સી.ટી.વી. કેમેરાઓ ગોઠવવાના રહેશે.

(ક) સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગ સતત ૨૪ કલાક ચાલુ રાખવાના રહેશે અને તેનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી જાળવી રાખવાનો રહેશે.

(ડ) સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગ પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને માંગણી થયે જોવા દેવાના રહેશે અને ગુન્હાની તપાસના કામે તેવા રેકોર્ડીંગ તપાસનીશ પોલીસ અધિકારીને આપી દેવાના રહેશે.

આ જાહેરનામાંનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0893/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અનુસાર દરિયાકાંઠા વિસ્તારમાં દાણચોરી તથા નાર્કોટીકસ ચીજવસ્તુઓની હેરાફેરી તેમજ ગંભીર પ્રકારના ગુન્હા જેવા કે અપહરણ, જાતીય સતામણી, હુમલો, ધાડ જેવા ગુન્હાઓ આચરીને પોતાની ઓળખ છુપાવવા માટે ગુન્હેગારો ફોરવ્હીલ વાહનો કે જેના કાંચ ઉપર ફિલ્મ કે પડદા લગાડેલા હોય તેમાં બેસીને નાશી જતા હોય છે ત્યારે ટોલ બુથ અને હોટલ ઉપર લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરામાં પણ દેખાતા નથી. જેથી ગુન્હેગારોને ઓળખવામાં અને પકડવામાં મુશ્કેલી થાય છે. આમ, ગુન્હાહીત પ્રવૃતિના કારણે નાગરીકોના જાનમાલની અને રાષ્ટ્રની સલામતી જોખમાય છે અને નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે.

રીટ પીટીશન નં. ૨૬૫/૧૧ થી જાહેર હિતની અરજી અન્વયે નામ. સપ્રિમ કોર્ટે તા. ૨૭-૦૪-૨૦૧૨ ના રોજ જજમેન્ટ આપી વાહનોના કાચ ઉપર બ્લેક/ડાર્ક ફિલ્મ કે અન્ય મટીરીયલના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. જેનું દરેક રાજય તેમજ કેન્દ્રશાસિત પ્રદેશને પાલન કરવા આદેશ કરેલ છે.

જે તમામ પરિસ્થિતીને અનુલક્ષીને આવા ગુન્હેગારોની ભવિષ્યમાં તપાસમાં ભાળ મળે તે માટે તેમજ તેમના નાપાક મનસુબામાં કામયાબ ન બને તે માટે સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફોર વ્હીલ વાહનોમાં આગળના, પાછળના અને સાઈડના ઓરીજીનલ વિન્ડ સ્ક્રીન ઉપર કોઈપણ પ્રકારની ફિલ્મ કે બીજું કોઈપણ પ્રકારનું મટીરીયલ કે પડદા લગાવે નહીં તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળે છે. જે દરખાસ્ત વ્યજબી અને ઉચિત જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ના કાયદાની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તમામ પ્રકારના ફોર વ્હીલ વાહનોમાં આગળના, પાછળના અને સાઈડના ઓરીજીનલ વિન્ડ સ્ક્રીન ઉપર કોઈપણ પ્રકારની ફિલ્મ કે બીજું કોઈપણ પ્રકારનું વાંધાજનક મટીરીયલ કે પડદા લગાવવા નહીં તેમજ વાહનો ઉપર લગાવવાની આવી ફિલ્મના વેંચાણ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાંનાં હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ના કાયદાની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0892/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. હાલના પ્રવર્તમાન સંજોગો અને ગુપ્ત સંસ્થાઓના વખતો-વખતના અહેવાલ અનુસાર રાષ્ટ્ર વિરોધી આંતકવાદી પ્રવૃતિ કરતા નાપાક તત્વો બહારથી આવી અત્રેના જિલ્લામાં રોકાણ કરી આતંકવાદી પ્રવૃતિ કરી શકે છે. અત્રેના જિલ્લામાં આવેલ શ્રી દ્વારકાધીશ જગતમંદીર, નયારા ઓઈલ, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન ફેકટરી, તાતા કેમીકલ્સ, કેઈન ઈન્ડીયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સટોલેશન સેન્ટરો ઉપર આંતકવાદી હુમલાની શકયતા રહેલ છે.

ગુજરાત રાજયનાં વિકાસને પરિણામે રોજગારીની અનેક તકો ઉભી થયેલ હોય બહારના રાજયોમાંથી હજારોની સંખ્યામાં પરપ્રાંતીય લોકો રોજગારી અર્થે આવે છે. તેઓ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ મકાન ભાડે રાખી વસવાટ કરે છે. જેમાં અમુક ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહીત માનસ ધરાવતા ઈસમો આવી વસવાટ કરે એવી સંભાવનાઓ રહેલ છે અને આવા ઈસમો અત્રેના જિલ્લામાં રોકાણ કરી રેકી કરી તક મળ્યે ગુન્હાહીત અને આતંકવાદી રાષ્ટ્રવિરોધી પ્રવૃતીઓ આચરી નાશી જાય તેવું બની શકે છે, અને રાજયમાં ભુતકાળમાં આ બનાવો બનવા પામેલ છે.

હાલના પ્રવર્તમાન સંજોગો અને ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત, મોડાસા વિગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા આતંકવાદી કૃત્યો અનુસંધાને આવા કૃત્યોને અટકાવા માટે અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા વખતોવખત મળતા અહેવાલોને ધ્યાને લઈ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ અત્રેના જિલ્લામાં કોઈ આતંકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્ય કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ કાયદો-વ્યવસ્થા અને જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુસર આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવી આવશ્યક હોય મકાન ભાડેથી આપવાના કિસ્સામાં સંબંધિત પોલીસ સ્ટેશનને તે અંગેની જાણ કરવામાં આવે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં ગુજરાત બહારના રાજ્યોમાંથી લોકો ધંધા-રોજગાર અર્થે મોટી સંખ્યામાં આવે છે. આવા લોકો કયા સ્થળેથી આવેલા છે? કઈ જગ્યાએ કામ કરવા માટે આવેલા છે? અને કઈ જગ્યાએ કેટલા દિવસનું રોકાણ કરેલુ છે? વિગેરે માહિતી ઉપલબ્ધ થઈ રહે તે ઘણું જ આવશ્યક જણાય છે. આથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે મકાન ભાડે આપ્યાની તારીખથી સબંધિત મકાનની વિગત, ભાડુઆતના સરકારી ઓળખકાર્ડની નકલ, મૂળ રહેણાંકની સંપૂર્ણ વિગત, સબંધિત મકાનના દલાલ કે ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી દિવસ-૮ માં નીચે મુજબના પત્રકમાં ભરી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનને ભાડુઆતના ઓળખ પ્રુફની નકલ સાથે રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાની રહેશે. અગાઉ જે મકાનો ભાડે અપાયેલા હોય તે કિસ્સામાં પણ આવી માહિતી દિવસ-૮ માં સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાની રહેશે.

અનુ.	ભાડે આપેલ મકાનની વિગત તથા સરનામું મકાન ભાડે આપ્યાની તારીખ અને માસીક ભાડાની વિગત	મકાન માલિક/ મકાન ભાડે આપવા/ વ્યવસ્થા કરી આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ફોન/મોબાઈલ નંબર	કઈ વ્યકિતને મકાન ભાડે આપેલ છે. તેના પાકા નામ સરનામા ફોન/મોબાઈલ નંબર, ફોટો આઈડી. પ્રુફની નકલ તેમજ ઉપરના ભાગે ભાડુઆતનો હાલનો ફોટોગ્રાફ	ભાડે આપેલ મકાનમાં રહેતા તમામ વ્યકિતના નામ સરનામા ફોન/ મોબાઈલ નંબર, ફોટો આઈડી પ્રુફની નકલ તેમજ હાલનો ફોટોગ્રાફ	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું તથા ફોન/મોબાઈલ નંબર
૧	૨	૩	૪	૫	૬

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૫-સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે સુધારેલ

જાહેરનામું

Letter No. DBD/0891/09/2025.-દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. તેમજ ગુજરાત રાજયના અદ્‌ભુત વિકાસને પરીણામે રોજગારીને અનેક તકો ઉભી થયેલ હોય બહારના રાજયોમાંથી હજારોની સંખ્યામાં પરપ્રાંતિય લોકો રોજગારી અર્થે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવે છે. મોટા ભાગના ખેડુતો પોતાની ખેતીવાડીમાં કામ માટે પરપ્રાંતિય લોકોને રાખે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય એવી સંભાવના રહેલ છે. ભુતકાળમાં પણ કેટલાંક પરપ્રાંતિય મજૂરો ચોરી, લુંટ કે ગંભીર પ્રકારના હુમલાઓ કરી લોકોની જિંદગીની ખુંવારી થાય અથવા લોકોની સંપતિને નુકશાન થાય તેવું કૃત્ય કરીને નાસી ગયેલ છે. જ્યારે મજૂરીકામ કરવા માટે રાખનાર વાડી માલિક પાસે આવા પરપ્રાંતિય મજૂરોના ટૂંકા નામ સિવાય વિશેષ કોઈ માહિતિ હોતી નથી જેને કારણે આવા ગુન્હેગાર લોકોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે.

જે તમામ પરિસ્થિતીને અનુલક્ષીને આવા ગુન્હેગારોની ભવિષ્યમાં તપાસમાં ભાળ મળે તે માટે તેમજ તેમના નાપાક મનસુબામાં કામીયાબ ન બને તે માટે પરપ્રાંતિય લોકોના જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થઈ શકે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દરખાસ્ત મળેલ છે. જે દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ હું, **ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગો વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી પત્રક-એ મુજબ સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૫ માં આપવાની રહેશે.

મજુરનો તાજેતરનો ફોટો

પત્રક-એ

મજુરીકામ માટે રાખેલ પરપ્રાંતના વ્યકિતની માહિતી

ક્રમ	મુદ્દા
૧	મજુરી કામ કરવા રાખેલ વ્યકિતનું પુરૂ નામ, ઉંમર, વતનનું સરનામું, મોબાઈલ નંબર (ફોટો આઈ.ડી. પ્રુફની નકલ સાથે)
૨	મજુરી કામ કરવા રાખેલ વ્યકિતનું હાલનું રહેણાંકનું સરનામું તથા મોબાઈલ નંબર/સંપર્ક નંબર.
૩	તેની સાથે બીજા માણસો રહેતા હોય તે તમામના તેના નામ-સરનામા, મોબાઈલ નંબર
૪	જેને ત્યાં કામ કરતા હોય તે વાડી માલીકનું નામ-સરનામું, મોબાઈલ નંબર
૫	કોઈ મારફત આવી વ્યકિતને કામે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ-સરનામું, મોબાઈલ નંબર
૬	અગાઉ જે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ-સરનામું અથવા તેના ગામના સરપંચ નામ-સરનામું, મોબાઈલ નંબર
૭	સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલના ઓળખીતા રહેતા હોય તો તેના નામ-સરનામા, મોબાઈલ નંબર
૮	મજુરી કામે રાખેલ વ્યકિતના વતનનું પુરૂ સરનામું, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા, પિતા, ભાઈ, બહેનની વિગત નામ-સરનામા, મોબાઈલ નંબર
૯	પરણિત હોય તો પત્ની/પતિનું તથા સસરા/સાળાના નામ-સરનામા, મોબાઈલ નંબર

ક્રમ	મુદ્દા
૧૦	કામે રાખેલ વ્યક્તિની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરિક કોઈ નિશાની પૈકી શકય હોય તેટલી વિગતો આપવી.
૧૧	કામે રાખેલ વ્યક્તિના આધાર, જેવા કે અન્ય દેશના નાગરિક હોય તો તેમના વિઝા, પાસપોર્ટ વિગેરે વિગતો આપવી.
૧૨	આધારકાર્ડ ઉપરાંત અન્ય ઓળખનો પુરાવો (ચુંટણીકાર્ડ, પાનકાર્ડ વિગેરે).

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત જાહેર જનતાને જાણ થાય તે રીતે નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રોમાં કરવી તથા ગુજરાત અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમ તા. ૨૭-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૧૧-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૨૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0381/10/2025.-શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા ખાતે આવતા યાત્રાળુઓના આરોગ્ય પર પાન-મસાલા, તંબાકુ, ગૂટખા, સિગારેટ જેવા નશીલા પદાર્થોના વેચાણના કારણે અપ્રત્યક્ષ અસર થતી જોવા મળે છે, આ નશીના પદાર્થોનું સેવન કરતા વ્યક્તિઓ દ્વારા પાન-મસાલા, તંબાકુ, ગૂટખાનું સેવન કરી મંદિર પરિસર તથા તેના આજુબાજુના વિસ્તારોમાં થુંકી, ગંદકી ફેલાવવામાં આવે છે તેવું ધ્યાને આવેલ છે. આવી પ્રવૃત્તિને કારણે શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકાની સ્વચ્છતા તથા પવિત્રતા પર વિપરીત અસર થાય છે અને શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા ખાતે આવતા યાત્રાળુઓમાં મંદિરની સ્વચ્છતા તથા ધાર્મિક વાતાવરણ પર નકારાત્મક અસર પડી રહી છે. જેના કારણે વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટરએ તા. ૨૬-૦૮-૨૦૨૫ ના પત્ર નં. દેવ/વહટ/જાહેરનામું/૧૪૪/૨૫ ના પત્રથી જેથી શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકાની ૧૦૦(સો) મીટરની ત્રિજ્યા સુધીના વિસ્તારમાં પાન-મસાલા, તંબાકુ, ગૂટખા, સિગારેટ વગેરેના વેંચાણ, ખરીદી અને સેવન પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૦૮-૧૦-૨૦૨૫ ના પત્ર નં. LIB/પાન-મસાલા/પ્રતિબંધ/જાહે./૨૬૦૦/૨૫ થી વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટરની દરખાસ્તની વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકાની ૧૦૦(સો) મીટરની ત્રિજયા સુધીના વિસ્તારમાં પાન-મસાલા, તંબાકુ, ગૂટખા, સિગારેટ વગેરેના વેંચાણ, ખરીદી અને સેવન પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામું e-sign મુજબની તારીખથી તા. ૧૨-૧૨-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટકરએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનુ

જાહેરનામું

Letter No. DBD/0385/10/2025.-શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા ખાતે મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે પધારે છે. મંદિરની આસપાસના વિસ્તારમાં ભિક્ષુકો તથા ફેરિયાઓના કારણે ભાવિકોને અવરજવર કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. તેમજ ભકતીમય વાતાવરણમાં વિક્ષેપ પડે છે. ભિક્ષુકો કારણે સુરક્ષા વ્યવસ્થામાં પણ ખલેલ પહોંચે છે અને ફરતા ફેરિયાઓના કારણે ટ્રાફિક તથા વ્યવસ્થાપન સંબંધિત સમસ્યાઓ ઉભી થાય છે અને આ ફેરિયા/ભિક્ષુકોની આડમાં ચોરી અને લુંટ કરતા વ્યકિતઓ ચોરી અને લુંટ કરતા હોવાના કારણે વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટરએ તા. ૨૬-૦૮-૨૦૨૫ ના પત્ર નં. દેવ/વહટ/જાહેરનામું/૧૪૩/૨૫ ના પત્રથી શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકાની ૧૦૦(સો) મીટરની ત્રિજ્યામાં ભિક્ષુકો તથા ફરતા ફેરીયાઓ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૦૮-૧૦-૨૦૨૫ ના પત્ર નં. LIB/ભિ./ફે./પ્રતિબંધ/જાહે./૨૬૦૧/૨૫ તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા.૦૩-૦૯-૨૦૨૫ ના પત્ર નં. સ.સુ.અ.દે./૨૦૨૫-૨૬/૯૦૫ થી વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટરની દરખાસ્તની વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબબ, હું, **ભૂપેશ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાના કાયદાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકાની ૧૦૦(સો) મીટરની ત્રિજયામાં ભિક્ષુકો તથા ફરતા ફેરિયાઓ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

: અમલવારીનો સમય :

આ જાહેરનામું e-sign મુજબની તારીખથી તા. ૧૨-૧૨-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂં છું કે, પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકા તથા વહીવટદારશ્રી, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા અને નાયબ કલેકટકરએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકેથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરશે.

આ જાહેરનામાના ઉલ્લંઘન કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે કાનુની કાર્યવાહીને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડવામાં આવ્યો.

દેવભૂમિ દ્વારકા, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ભૂપેશ જોટાણીયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.18 09:16:01 IST